ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

**પ્રેસનોટ** **તા. ૧૦.૦૭.૨૦૧૮**

## વડોદરા અને જૂનાગઢ મહાનગરપાલિકાની પેટાચૂંટણીમાં ભાજપનો દબદબો યથાવત

---------------

## ભાજપાને પુન: ભવ્ય વિજયી બનાવવા બદલ જનતાનો હૃદયપૂર્વક આભાર અને ઉમેદવારો-કાર્યકર્તાઓને અભિનંદન – શ્રી જીતુભાઈ વાઘાણી

---------------

## મતદાન ઓછું પણ જીતની ટકાવારી વધી

---------------

## કોંગ્રેસની નકારાત્મકતા અને જાતિવાદી રાજનીતિને પ્રજાએ ફરી એક વખત જાકારો આપ્યો છે - શ્રી જીતુભાઈ વાઘાણી

---------------

પ્રદેશ મીડિયા વિભાગની યાદી જણાવે છે કે, આજરોજ જાહેર થયેલા વડોદરા અને જૂનાગઢ મહાનગરપાલિકાની બે બેઠકોના પરિણામોમાં ભાજપાએ જીતનો દબદબો યથાવત રાખી જીતના માર્જીનમાં વધારો કર્યો છે.

વડોદરા મહાનગરની વોર્ડ નં. ૧૧ ની પેટાચૂંટણીમાં ભાજપના ઉમેદવાર શ્રીમતી શકુંતલાબેનનો ૪૪૭૮ મતથી વિજય થયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, શ્રીમતી મમતા કાલેના નિધનથી ખાલી પડેલી બેઠક પર યોજાયેલ ચૂંટણીમાં ભાજપે ૨૪.૨૩% જેટલા ઓછા મતદાનમાં પણ ગત સામાન્ય ચૂંટણી કરતા વધુ મત મેળવ્યા છે. વર્ષ ૨૦૧૫ માં ૪૮.૭૧% મતદાનમાં ૪૦૦૮ મતથી વિજય મેળવ્યો હતો.

જૂનાગઢ મહાનગરની વોર્ડ નં. ૧૫ ની પેટાચૂંટણીમાં ભાજપના ઉમેદવાર શ્રી સુરેશભાઈ પાનસુરીયાનો ૮૯૯ મતે વિજય થયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, શ્રી જીતુભાઇ હિરપરાના નિધનથી ખાલી પડેલી બેઠક પર યોજાયેલ ચૂંટણીમાં ભાજપે ૪૦.૪૧% જેટલા ઓછા મતદાનમાં પણ ગત સામાન્ય ચૂંટણી કરતા વધુ મત મેળવ્યા છે. વર્ષ ૨૦૧૪માં ૫૯ % મતદાનમાં ૬૫૨ મતથી વિજય મેળવ્યો હતો.

પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીએ જૂનાગઢ અને વડોદરા કોર્પોરેશનની પેટાચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીના ભવ્ય વિજય માટે ઉમેદવારો તથા અથાક પરિશ્રમ કરનાર તમામ કાર્યકર્તાઓને અભિનંદન પાઠવી જનતાનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો.

તેઓએ જણાવ્યું હતું કે, જનતાએ પુન: એકવાર ભારતીય જનતા પાર્ટીનાં વિચારો અને શ્રી નરેન્દ્રભાઇ મોદી, શ્રી અમિતભાઇ શાહ, શ્રી વિજયભાઈ રૂપાણી અને શ્રી નીતિનભાઇ પટેલનાં નેતૃત્વને સહર્ષ સ્વીકાર્યું છે, આવકાર્યું છે. તેમજ કોંગ્રેસની નકારાત્મકતા અને જાતિવાદી રાજનીતિને જાકારો આપ્યો છે.

(ડો. હર્ષદ પટેલ)
**પ્રદેશ કન્વીનર- મીડીયા સેલ**